ગાંધીનગર સમાચાર

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ... આને સમજાવો... કહે છે... ભણવું નથી... મારે ચ્હાની લારી કરવી છે... પછી... પી.એમ. બનવું છે...!!

# રાયપુર પાટીયા પાસેથી દારૂ ભરેલી ઈનોવા પકડાઈ

## ૯૧૨ નંગ વિદેશી દારૂની બોટલો અને ૨૭૨ બિયરના ટીન સહિત રૂ. ૪.૧૮ લાખનો મુદ્દામાલ જપ્ત : બેની ધરપકડ

ગાંધીનગર, તા.૧૮

દહેગામથી રાયપુર થઈને અમદાવાદ તરફ એક ઈનોવા ગાડી વિદેશી દારૂ-બિયરના જથ્થા સાથે જઈ રહી હોવાની બાતમીને આધારે ડભોડા પોલીસે રાયપુર પાટીયા પાસે વોચ ગોઠવીને ઈનોવા પકડી પાડી હતી. પોલીસને જોઈને ભાગેલી ગાડીને પકડવા પોલીસે ફિલ્મી ઢબે ઈનોવાનો પીછો કરી ગાડીને આગળથી આંતરીને પકડી હતી. ગાડી તથા દારૂ-બિયરનો જથ્થો મળી રૂ. ૪૧.૮ લાખનો મુદ્દામાલ જપ્તી કરી ડભોડા પોલીસે બે આરોપીઓની





ધરપકડ કરી લીધી છે.

જિલ્લા પોલિસ અધિક્ષક વિરેન્દ્રસિંગ યાદવની સૂચનાથી દારૂ-જુગારની બદીઓ અટકાવવા પોલીસ સક્રીય થઈ છે ત્યારે ડભોડા પીએસઆઈ પી.જે. સોલંકી તથા તેમની ટીમ આજે ખાનગી બાતમીને આધારે દારૂ-બિયરની હેરાફેરી કરી રહેલી ઈનોવા ગાડી નં. જીજે ૧૮ એસી ૮૨૭૦ની વોચમાં રાયપુર પાટીયા પાસે ગોઠવાઈ ગયા હતા. પોલીસે મુકેલી આડશ જોઈ ઈનોવા ચાલકે તેની ગાડી પાછી વાળીને ભગાવી હતી.

ખાનગી વાહનથી પીછો કરીને પોલીસે ઈનોવા આંતરી લીધી હતી. ગાડીમાં તપાસ કરતાં રૂ. ૯૧ હજારની કિંમતની ૯૧૨ નંગ વિદેશી દારૂની બોટલો તથા ૨૭૨ નંગ બિયરના ટીન (કિં. રૂ. ૨૭૨૦૦)નો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે રૂ. ૪૧૮૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરીને અમદાવાદના અમરાઈવાડીના રાજકુમાર શોભનાથ રાજપુત અને ઓઢવના વિજય દિલીપ પરમારની ધરપકડ કરી દારૂ ક્યાંથી ક્યાં લઈ જવાતો હતો તે સહિતની તપાસ શરુ કરી છે.

## ખૂણે ખાંચરેથી...

● ઈન્ડિયન મેડીકલ એસો.ની ગાંધીનગર શાખા તેમજ ટી.બી. એકમના સંયુક્ત ઉપક્રમે ટી.બી. અંગે આજે સી.એન.ઈ.નું આયોજન કરાયું છે.

● યુનિ.ની સેમેસ્ટરની પરીક્ષાઓ કોલેજોમાં ચાલી રહી હોવાથી પરીક્ષાનો માહોલ છવાયો છે.

● ગાંધીનગર શહેરમાં ઠંડીનો માહોલ જામતાં મોડી સાંજે જ રસ્તાઓ સૂમસામ બની જાય છે.

● કોંગ્રેસના કાઉન્સીલરોએ તેમના દ્વારા સૂચવવામાં આવેલા વિકાસના કામો જે તેમની ગ્રાન્ટમાંથી કરવાના છે તેમાં તંત્ર દ્વારા અન્યાય થતો હોવાથી આજે ઉગ્ર રજુઆત કરી અને તંત્રના અધિકારીઓને કોર્ટમાં લઈ જવાની ચીમકી આપી છે.

● ગાંધીનગર શહેરમાં આજથી ટ્રાફિક નિયમન માટે ઈ. ચલણ પ્રોજેક્ટ અમલી બનશે.

# દહેગામના સાંપા ખાતે વલ્લભ કેમીકલ્સમાં મોકડ્રીલ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા ક્રાઈસીસ ગ્રુપ તથા નાયબ નિયામક ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે દહેગામ પાસેના સાંપા ખાતે આવેલ



વલ્લભ કેમીકલ ફેક્ટરી ખાતે ઓફ સાઈટ મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કારખાનામાં ઈથીલીન ઓક્સાઈડ જેવા અતિ જવનસીલ ગેસ ટેન્કર દ્વારા લાવી અનલોડીંગ કરતી વેળાએ લીકેજ થયેલ ગેસને સ્પાર્ક મળતા લાગેલ આગને કાબુમાં કરવાનું સફળતાપૂર્વકનું મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. નાયબ નિયામક ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, ગાંધીનગર એચ.બી. ત્રિવેદીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં કેમીકલના કુલ-૩૯૦ અતિ જોખમી (એમ.એચ.)એકમો છે. જે પૈકી ગાંધીનગર જિલ્લામાં ૧૮ જેટલા જોખમી કેમીકલની ફેક્ટરીઓ કાર્યરત છે. સંભવિત ઈમરજન્સીના સંજોગોમાં અગમચેતીના પગલાં રૂપે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તાત્કાલિક મદદ અને રાહત મળી રહે તેમજ સતર્કતાનું માપદંડ ચકાસવા મોકડ્રીલનું આયોજન કરવામાં આવે છે.

વલ્લભ કેમીકલ્સમાં યોજેલ મોકડ્રીલમાં આગને કાબુમાં લેવા, સ્ટોરેજ ટેન્ક દ્વારા પાણીનો મારો તથા દહેગામ નગરપાલિકા દ્વારા ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ, પોલીસ અને ઘટના સ્થળે આરોગ્ય વિભાગના ડૉક્ટરોની ટીમ દ્વારા તબીબી સારવાર સહિત ઈમરજન્સી કર્મચારીઓને એમ્બ્યુલન્સ દ્વારા દવાખાને પહોંચાડવાની ક્રમબદ્ધ રીતે કર્મચારીઓએ સફળ કામગીરી કરી હતી. આ પ્રસંગે દહેગામ મામલતદાર કે.ટી. મેણાત, ફેક્ટરી ઈન્સ્પેક્ટર ભાર્ગવી રાવલ, જે.બી. બોડાત, ડૉ. બી.એન. પટેલ, વલ્લભ કેમીકલ્સના માલીક મોહનભાઈ શાહ, અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મહિલા કોન્સ્ટેબલે ડીવાયએસપીને જાહેરમાં ખખડાવી નાંખ્યા...!

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ચાલી રહેલા કાર્યક્રમમાં ગઈ કાલે પોલીસ બંદોબસ્ત તૈનાત હતો ત્યારે એક મહિલા પોલીસ કોન્સ્ટેબલ અને ડીવાયએસપી બંને બંદોબસ્તમાં નિયત કરેલા પોઈન્ટ પર ઉભા રહેવાની બાબતે સામસામે આવી ગયા હતાં. પોલીસની હાજરીમાં જ ડીવાયએસપીને મહિલા કોન્સ્ટેબલે જાહેરમાં તતડાવી નાંખતા આસપાસનો સ્ટાફ પણ સ્તબ્ધ થઈ ગયો હતો અને ખાતાકીય કાર્યવાહી શરૂ કરવાની તૈયારી દર્શાવતા કોન્સ્ટેબલ ઢીલી પડી ગયા બાદ રડી પડી હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

**મહાત્મા મંદિરમાં પોલીસ કાફલો બંદોબસ્તમાં હતો ત્યારે બનેલી ઘટનાથી અન્ય પોલીસ પણ સ્તબ્ધ થઈ ગઈ**

ગુરુવારે મહાત્મા મંદિર અને લાયન્સ કલબની શતાબ્દી ઉજવણીના ભાગરૂપે લાયન્સ સર્વિસ ફેકટરી, લાયન્સ ઈન્ફોર્મેશન સેન્ટર અને બિઝનેશ પ્રદર્શનના ઉદઘાટનનો કાર્યક્રમ હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાની વિવિધ પોલીસ મથકમાંથી પોલીસ બંદોબસ્તમાં ગોઠવાઈ ગઈ હતી. એક મહિલા કોન્સ્ટેબલ નિયત પોઈન્ટ પર ઉભી ન હોવાથી મહિલા પીએસઆઈએ તેને પોઈન્ટ પર રહેવા સુચના આપી. પરંતુ કોન્સ્ટેબલ માનતી ન હોવાથી આખરે ડીવાયએસપીને મહિલા કોન્સ્ટેબલની કોરશિસ્ત અંગે જાણ કરવામાં આવી હતી. ડીવાયએસપીએ મહિલા કોન્સ્ટેબલ પાસે જઈને ઠપકો આપતા તે કોન્સ્ટેબલ ડીવાયએસપીની સામુ થઈ ગઈ હતી અને ખખડાવી મુકયા હતાં. ડીવાયએસપીએ તેણી સામે પગલા લેવા નામ-ઠામ પુછતા નામ પણ કહેવાનો ઈન્કાર કરી દીધો હતો. આખરે ખાતાકીય કાર્યવાહી માટેના કાગળો તૈયાર કરવાની તૈયારી બતાવતા કોન્સ્ટેબલ ઢીલી પડી ગઈ હતી અને રડવા લાગી હતી. આ દશ્ય જોઈને બંદોબસ્તમાં તૈનાત પોલીસ પણ સ્તબ્ધ થઈ ગઈ હતી.

## કપાસના ટેકાના ભાવ બાબતે ગુજરાતમાં 'આપ' લડત ચલાવશે


ગાંધીનગર, તા.૧૮

ગુજરાતના કપાસ પકવતા ખેડૂતો હંમેશા ટેકાના ભાવ બાબતે છેતરાતા રહ્યા છે. ખેડૂતોને કપાસના ટેકાના ભાવ ૧૫૦૦ રૂ. જેટલા મળવા જોઈએ પરંતુ ખેડૂતોની અનેક રજૂઆતો છતાં કપાસના ટેકાના ભાવ આ વખતે સરકાર દ્વારા માત્ર રૂ. ૮૧૦ રાખવામાં આવ્યા છે. જે ખેડુતોને ખુબ અન્યાયકર્તા છે. રાજય સરકારે કપાસ પકવતા ખેડૂતો માટે બોનસની જાહેરાત કરી છે પરંતુ તેનો લાભ અમુક જ ખેડૂતોને મળે તેમ છે. ખેડૂતોને ન્યાય મળે તે માટે ગુજરાત આમ આદમી પાર્ટીના ખેડૂત આગેવાન શ્રી કનુભાઈ કલસરીયા આગામી તા. ૨૨ થી ૨૬ વચ્ચે સૌરાષ્ટ્રના અલગ અલગ વિસ્તારોમાં ફરી ખેડૂતો અને ખેડૂત આગેવાનોને મળી તેમના પ્રશ્નોના ઉકેલ અંગે સવિસ્તાર ચર્ચા કરશે તથા જરૂર જણાશે તો ખેડૂતો વતી લડત પણ ચલાવશે.

# સપ્તપદીના ફેરાથી અનંતની સફરે પણ સાથે..!!!

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરના સે. ૩-બી ખાતે રહેતા ૮૦ વર્ષીય નિવૃત્ત સરકારી કર્મચારી મોતીભાઈ બચ્ચારામ પંજવાણીનું તા. ૧૭મી ડિસેમ્બરે હૃદયરોગના હૂમલાથી દુઃખદ અવસાન થવા પામ્યું હતું. આ ઘટનાના બીજા જ દિવસે સ્વર્ગસ્થના પત્નિ



**સે. ૩/બીના મોતીભાઈ પંજવાણીના અવસાનના બીજા દિવસે તેમના પત્નિ ભારતીબેને પણ અનંતની વાટ પકડી**



૭૩ વર્ષીય ભારતીબેન એમ. પંજવાણીનું પણ હૃદયરોગના હૂમલાથી દુઃખદ અવસાન થતા સમગ્ર પરિવારમાં ઘેરા શોકની લાગણી છવાઈ જવા પામી છે. પતિના અવસાનના તદ્દન બીજા જ દિવસે પત્નિનું પણ અવસાન થતા સ્નેહીજનો અને આડોશી પાડોશીઓ સહિત પરિવારજનોને આશ્ચર્ય સાથે અરેરાટી ઉજજવા પામી છે.

સપ્તપદીના ફેરા લઈ જે જીવનસાથી સાથે અગ્નિની સાક્ષીએ સાથે જીવવાના વચનો આપ્યા હોય તે દંપતિ અનંતની યાત્રાએ પણ જાણે એકમેકના સહારે ઉપડી ગયા હોય તેવી વીરલ ઘટના આ દંપતિના નિધનથી જોવા મળી છે. ૫૭ વર્ષો સુધી 'એક દૂજે કે લિયે' બની જીવનના દરેક તડકા-છાંયારૂપ પ્રસંગો પાર પાડ્યા પછી એકમેકના સાથને એટલો આત્મસાત કરી ચૂક્યા કે એકના વિરહની વેદના અન્ય માટે પણ પ્રાણઘાતક બની રહી હતી. પરિવાર માટે તો એક ઘેઘૂર વડલાની છાયા ગુમાવવાની કળ વળે તે પહેલા વધુ એક વટવૃક્ષ ધરાશાયી થતા જાણે દુઃખનો પહાડ તુટી પડ્યો છે.

# ટ્રાન્સપોર્ટના વાહનો માટે ટુંકમાં નવી સીરીઝ : નંબરોની હરાજી થશે

ગાંધીનગર, તા. ૧૮

આર.ટી.ઓ. કચેરી દ્વારા ટ્રાન્સપોર્ટ વાહનોને અનુલક્ષી ટુંકમાં નવી સીરીઝ જીજે-૧૮-એઝેડ શરૂ કરવામાં આવશે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા ગોલ્ડન અને સિલ્વર તેમ બે કેટેગરીમાં પસંદગીના નંબરોની હરાજી કરવામાં આવશે.

**નવી પદ્ધતિ મુજબ હરાજી કરાશે : થ્રી વ્હીલર અને ટ્રાન્સપોર્ટના વાહનોને પસંદગીના નંબરો ફળવાશે**

આર.ટી.ઓ કચેરી દ્વારા થોડા સમય અગાઉ ૩ વ્હીલર અને ફોર વ્હીલરની નવી સીરીઝને અનુલક્ષી પસંદગીના નંબરો માટે હરાજી કરવામાં આવી હતી જો કે, અરજદારોના ઉત્સાહના અભાવ વચ્ચે આરટીઓ કક્ષાએ હરાજીની પ્રક્રીયા ત્રીજીવાર હાથ ધરવાની અનિવાર્યતા ઉભી થઈ હતી. જિલ્લામાં દોડતા થ્રી વ્હીલર તેમજ ટ્રાન્સપોર્ટના વાહનો માટે ટુંકમાં નવી સીરીઝ શરૂ થશે જુની જી.જે.૧૮એએક્સની સીરીઝ ટુંકમાં પુરી થવાની હોવાથી નવી સીરીઝના પસંદગીના નંબરો ફાળવવા માટેની પ્રક્રીયા હાથ ધરાશે. જેમાં પસંદગીના નંબર મેળવવા ઈચ્છતા વાહન માલિકોએ તેમના વાહનની નોંધણી કરાવી આગામી તા. ૨૮ અને ૨૯ ડિસેમ્બર સુધીમાં કચેરીમાં અરજી મુજબ કરવા પણ જણાવાયું છે. આરટીઓ દ્વારા પસંદગીના નંબરોની ફાળવણી માટે ગોલ્ડન અને સિલ્વર તેમ બે કેટેગરીમાં નંબરોની વહેંચણી કરવામાં આવી છે. જે અન્વયે અરજદારોએ નવી પદ્ધતિ મુજબ ડ્રાફ્ટ સાથે બંધ કવરમાં અરજી કરવાની રહેશે. આરટીઓ દ્વારા વાહનોની નવી સીરીઝ માટે પસંદગીના નંબરોને અનુલક્ષી નવી પદ્ધતિ અમલી બનાવવામાં આવી છે.

પરંતુ હરાજી માટે અરજદારોનો ઉત્સાહ ઓસરી ગયો હોવાનું સ્પષ્ટ થયા બાદ નિરસ ચિત્ર ઉપસી આવ્યું છે. જી.જે.૧૮ ના પાસિંગ સાથે પસંદગીના આંકડાનો નંબર મેળવવા નગરના વાહનમાલિકોમાં વિશેષ ઉત્સાહ જોવા મળે છે. આમ છતાં હરાજીની પ્રક્રીયાના અંતે પણ ટુ વ્હીલર અને ફોર વ્હીલરમાં ઘણા નંબરો બાકી છે. ત્યારે ટ્રાન્સપોર્ટના વાહનો માટે નંબરોની નવી પદ્ધતિ કેટલી અસરકારક રહેશે તેની સામે પણ પ્રશ્નાર્થ મંડરાયો છે.

## પેથાપુરનું નવા સીમાંકનનું પ્રાથમિક જાહેરનામુ બહાર પડ્યુ

ગાંધીનગર, તા. ૧૮

પેથાપુર નગરપાલિકા સહિત રાજ્યની ૨૫ નગરપાલિકાઓના નવા સીમાંકન અંગેના પ્રાથમિક જાહેરનામા આજે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જારી કરી દેવામાં આવ્યા છે.

આ નગરપાલિકાઓની ચૂંટણી આગામી ફેબ્રુઆરીમાં યોજાવાની છે. આ જાહેરનામામાં જણાવાયા મુજબ દિન ૧૦માં આ અંગેના વાંધા-સૂચનો રજુ કરવાના રહેશે.

પેથાપુર નગરપાલિકામાં ૬ વોર્ડ અને ૨૪ બેઠકો નિયત કરવામાં આવી છે. ૨૬ હજારની વસ્તી હોવાથી ૪૨૦૦ની વસ્તીએ એક વોર્ડ બનાવવામાં આવ્યો છે.

# વાયબ્રન્ટ ગુજરાત બિઝનેસ વિમેન નેશનલ કોન્કલેવનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૮

વાયબ્રન્ટ ગુજરાત બિઝનેસ વિમેન નેશનલ કોન્કલેવનો પ્રસિદ્ધ અભિનેત્રી રવિના ટંડનના હસ્તે ઉદ્‌ઘાટન થયું ત્યારે આ પ્રસંગે હાજર



રહેલા જાણીતા આધ્યાત્મિક ગુરૂ શ્રી મોરારી બાપુએ આશિર્વાદ આપ્યા હતા. પ્રથમ દિવસે ગુજરાત ટુરીઝમ, ઉદ્યોગ કમિશનરની કચેરી, ઈન્ડેક્ષ્ટબી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, એનએસઆઈસીના વગેરેના ઉચ્ચ સરકારી અધિકારીઓ તથા દેશભરમાંથી ડેલીગેટ્સ હાજર રહ્યા હતા. જીસીસીઆઈ બિઝનેસ વિમેન વીંગ અને ઈન્ડિયન મર્ચન્ટ ચેમ્બર દ્વારા મહિલા ઉદ્યોગ સાહસિકોને સ્થાનિક અને નેશનલ બજાર સર કરવા માટે પ્લેટફોર્મ પુરૂ પાડવામાં આવી રહ્યું છે.

વાયબ્રન્ટ ગુજરાત બિઝનેસ વિમેન નેશનલ કોન્કલેવ-૨૦૧૫નો પ્રથમ દિવસ વ્યાપક હાજરી સાથે ખૂબ જ સફળ રહ્યો. આગામી બે દિવસ દરમ્યાન આવી જ હાજરી અને ગતિવિધી રહેવાની અપેક્ષા છે. આ પ્રસંગે અમદાવાદ શહેરની હેરીટેજ વોકથી માંડીને મહિલા ઉદ્યોગસાહસિકોને બિરદાવતા સ્વયંસિદ્ધા એવોર્ડ સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. ઉદ્યોગસાહસિકો દ્વારા નિર્મિત કપડાં, જ્વેલરી અને લાઈફસ્ટાઈલની ચીજો દર્શાવતા ફેશન શોનું પણ આયોજન કરાયું છે. ડીજીટલ ઈન્ડિયા અને મેકઈન ઈન્ડિયા અંગે પણ બેઠકો યોજાશે. જેન્ડર ડાયવર્સિટી અને સમાનતા અંગે રાઉન્ડ ટેબલ ટોક પણ યોજાશે. આ કોન્કલેવ ચોક્કસપણે ઉભરતી અને સુસ્થાપિત મહિલા ઉદ્યોગસાહસિકોને પોતાના ધ્યેય હાંસલ કરવામાં ખુબ જ સહાયક બનશે.

# લાયન્સ કલબની શતાબ્દી અન્વયે બિઝનેસ પ્રદર્શન

ગાંધીનગર, તા. ૧૮

મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે આજે લાયન્સ સર્વિસ ફેક્ટરી, લાયન્સ ઈન્ફોર્મેશન સેન્ટર એન્ડ બિઝનેસ એક્ઝિબિટ્સનું ઉદ્‌ઘાટન કર્યુ હતું. આ પ્રદર્શનનો ઉદ્દેશ પ્રોજેક્ટ અને વ્યાવસાયિક યોજનાઓની સફળતાનું પ્રદર્શન કરવાનો અને તેને વહેંચવાનો હતો. વિવિધ દેશો, રાજ્યો અને શહેરોની તમામ કલબને તેમનું કાર્ય અને પ્રોજેક્ટ્સ પ્રદર્શિત કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ પ્રસંગે જાણીતા લેખક ચેતન ભગત મુખ્ય અતિથિ હતા.

આ દરમિયાન સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને લાયન્સ કલબ ઈન્ટરનેશનલ ફોર લાયન્સ કિડની ફાઉન્ડેશન દ્વારા સંયુક્ત જાહેરાત કરવામાં આવી હતી. એલસીઆઈએફઆઈ અને એસબીઆઈએફએ સમગ્ર દેશમાં ૨૦૦થી વધારે ડાયાલીસિસ મશીન અને ૧૫૦થી વધારે એમ્બ્યુલેન્સ પ્રદાન કરવા ભાગીદારી કરી છે. પ્રોજેક્ટ એસબીઆઈ ફાઉન્ડેશન માટે સક્રિય વિચારણા હેઠળ છે. એસબીઆઈ ફાઉન્ડેશનના ચેરમેન અરૂંધતી ભટ્ટાચાર્ય છે. એસબીઆઈ ફાઉન્ડેશનની સ્થાપના જૂન, ૨૦૧૫માં કરવામાં આવી હતી.

**મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ઈન્ફોર્મેશન સેન્ટર અને બિઝનેસ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કર્યુ : વિવિધ દેશો અને રાજ્યોની ક્લબે વિવિધ પ્રોજેક્ટસ તેમજ વ્યવસાયિક સફળ યોજનાઓના પ્રદર્શનમાં ભાગ લીધો**



લાયન્સ સર્વિસ ફેકટરી કલેબ, જિલ્લા વગેરેના તમામ સર્વિસ પ્રોજેક્ટ્સનું પ્રદર્શન કરશે. ટોચના ૩ શ્રેષ્ઠ પ્રોજેક્ટ્સને ૧૯મી ડિસમ્બરના રોજ સાધારણ સભામાં પુરસ્કારો આપવામાં આવશે. દરેક કલબને લાયન્સ સર્વિસ ફેક્ટરીમાં સહભાગી થવા પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. કલબને આ સફળ સર્વિસ પ્રોજેક્ટ્સનું પ્રદર્શન કરવા અને તેમની સફળ ગાથાઓ અન્ય મંચના પ્રતિનિધિઓ વચ્ચે વહેંચવાની તક છે. લોકલ હોસ્ટ કમિટી (સ્થાનિક યજમાન સમિતિ) કલબના અન્ય સભ્યોને તેમની જરૂરિયાતો અને સ્ટોલની ગોઠવણ કરવામાં મદદ કરશે. અન્ય વિવિધ વ્યાવસાયિક પ્રદર્શનોનું પણ થશે. આ લાયન્સ માટે પોતાનું કામ વિદેશી પ્રતિનિધિઓને પ્રદર્શિત કરવા માટેની આદર્શ તક છે, જે મંચમાં ક્રોસ-નેટવર્કિંગ વધારશે.

લાયન્સ ૨૦૬ દેશો અને ભૌગોલિક વિસ્તારોમાં સ્થિત આશરે ૪૫,૦૦૦ કલબ આશરે ૧૩ લાખ પુરૂષો અને સ્ત્રીઓનું આંતરરાષ્ટ્રીય નેટવર્ક છે, જેઓ સમગ્ર દુનિયાના વિકલાંગ સમુદાયોની જરૂરિયાતો પૂર્ણ કરવા કામ કરે છે. અટકાવી શકાય તેવા અંધત્વની સમસ્યા દૂર કરવા માટે જાણીતી લાયન્સ તેમના સમુદાય માટે વિવિધ પ્રકારના મહત્વપૂર્ણ પ્રોજેક્ટસમાં ભાગીદાર છે. આ પ્રોજેક્ટસ સ્થાનિક પાર્કની સાફસફાઈથી લઈને કુદરતી આપત્તિઓના પીડિતોને જરૂરી ચીજવસ્તુઓ પ્રદાન કરવા જેવી છે. ૧૯૧૭માં શરૂ થયેલ લાયન્સ કલબનું એસોસિએશન માનવ સમુદાયને કશુ પરત કરવાની તક લાખો લોકોને આપે છે. દર ત્રણ વર્ષે આઈએસએએમઈ ફોરમ તમામ દેશોમાંથી સામુદાયિક સેવાની ચર્ચા કરવા અને દર્શાવવા પ્રતિનિધિઓ માટે યોજાય છે, જે એકબીજાના અનુભવમાંથી શીખવા માટે સારી એવી તક આપે છે.